# નેશનલ હેન્ડલૂમ ડે : માર્કેટિંગ અને ટેકનોલોજીએ હસ્તકળાના કારીગરોની કિસ્મત બદલી, આવકમાં થયો પાંચ ગણો વધારો

Divya Bhaskar Online News | 06 August 2022

==========================================================

આજે નેશનલ હેન્ડલૂમ ડેના દિવસે આ સેક્ટર સાથે સંકળાયેલા કારીગરો અને તેમના જીવનમાં આવેલા ફેરફાર અંગે દિવ્ય ભાસ્કરે જાણવાનો પ્રયાસ કર્યો હતો. હસ્તકળાના કારીગરો તેમજ એક્સપર્ટ સાથે વાત કરતાં સામે આવ્યું કે ટેકનોલોજી અને વ્યવસ્થિત માર્કેટિંગના કારણે આર્ટિસન્સની આવકમાં ઘણો જ સુધારો થયો છે. સરકાર, સામાજિક સંસ્થાઓ તેમજ એજ્યુકેશનલ ઇન્સ્ટીટ્યુશનના સહયોગથી કારીગરો ઈ-કોમર્સ જેવા મોડર્ન ટ્રેડ સાથે જોડાઇ રહ્યા છે. આ ઉપરાંત ટેકનોલોજીની મદદથી તેમને ડિઝાઇનિંગમાં પણ નવીનતા મળી રહી છે.

## મહેનતના પ્રમાણમાં હવે સારું વળતર મળી રહ્યું છે

કચ્છી ભરતકામ કરતાં ભુજના કણિયા નગરના હસ્તકળા આર્ટિસન નિમુબેન આહિરે જણાવ્યું હતું કે, અગાઉ અમે બહુ ઓછા ભાવે અમારી વસ્તુઓ વેચતા હતા. મહેનતના પ્રમાણમાં વળતર ખૂબ જ નીચું હતું. ટ્રેનિંગ અને ત્યારબાદ ઓનલાઈન વેચાણ કરી શકીએ તે પ્રકારની ગોઠવણ થઈ જવાથી અમારે હવે આવકમાં વધારો થઈ રહ્યો છે. પહેલા એક્ઝિબિશનમાં જતાં ત્યારે રૂ. 20,000-25,000 સુધીનો માલ વેચતો જ્યારે હવે રૂ. 1 લાખથી વધારેનો સામાન વેચાઈ જાય છે. મહેનતના પ્રમાણમાં હવે સારું વળતર મળી રહ્યું છે.

## નાના આર્ટિસન્સને દેશ અને દુનિયાનું માર્કેટ મળ્યું

આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા (EDII)એ હસ્તકલા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત ગુજરાતના 13 શહેરોના 10,000થી વધારે આર્ટિસન્સને માર્કેટ લિન્કેજ, કેપેસિટી બિલ્ડિંગ અને ડિઝાઇનિંગ સહિતની તાલીમ આપવામાં આવી હતી. આ ઉપરાંત ફંડિંગ, એક્ઝિબિશનમાં મોકલવા સહિતની એક્ટિવિટી પણ કરવામાં આવે છે જેથી હસ્તકળા કારીગરોને ફાયદો થઈ શકે. ટેકનોલોજીના માધ્યમથી અને ઈ-કોમર્સ પ્લેટ્ફોર્મસ સાથે જોડાવાથી નાના હસ્તકળા કારીગરો પણ હવે દેશ અને દુનિયાના માર્કેટ સુધી પહોંચી રહ્યા છે.

## આવક વધતાં નવી પેઢી પણ આ વ્યવસાય અપનાવી રહી છે

EDII અમદાવાદના ડિરેક્ટર જનરલ સુનિલ શુક્લાએ જણાવ્યું કે, આ વ્યવસાયમાં આવક ઓછી હોવાથી કલાકારોની નવી પેઢી આ કળાથી દૂર થઈ રહી હતી અને બીજા વ્યવસાયમાં જોડાઈ રહી હતી. જોકે, છેલ્લા થોડા સમયથી પરિસ્થિતિ બદલાઇ છે. હસ્તકળા કારીગરોની આવકમાં વધારો થવાથી નવી પેઢી પણ હવે આ વ્યવસાયને અપનાવી રહી છે. બીજું કે, જૂની પેઢી કરતાં નવી પેઢી ટેકનોલોજીના મામલે વધારે એક્ટિવ છે. તેઓ ઓનલાઈન સેલિંગ અને પ્રોડક્ટ ડેવલપમેન્ટ જેવી બાબતોનું મહત્વ વધુ સારી રીતે સમજે છે.

## લોકો સમજે તે માટે હાટમાં જ હેન્ડીક્રાફ્ટ બનાવરાવ્યા

સુનિલ શુક્લાએ જણાવ્યું કે, મોટાભાગના કિસ્સામાં લોકોને ખબર નથી હોતી કે હાથવણાટની સાડી, ડ્રેસ કે બીજા કોઈ કપડાં બનાવવા માટે કેટલી મહેનત અને સમય લાગે છે. આ કારણોથી આર્ટિસન્સને તેમની વસ્તુના યોગ્ય ભાવ મળતા નથી. અમે અલગ અલગ જગ્યાએ એક્ઝિબિશન કરી અને સ્થળ પર જ આર્ટિસન્સ પાસે કપડાં તૈયાર કારવરવતા હતા જેનાથી લોકોને જાણકારી મળે

કે આ કેટલું મહેનતનુ કામ છે. આનું પરિણામ એ મળ્યું કે હવે પહેલાના પ્રમાણમાં ભાવતાલ ઓછો થાય છે.

https://www.divyabhaskar.co.in/business/news/marketing-and-technology-changed-the-fortunes-of-artisans-increasing-income-fivefold-130155331.html?_branch_match_id=1051093382311104573&utm_campaign=130155331&utm_medium=sharing&_branch_referrer=H4sIAAAAAAAAA8soKSkottLXT8ksq0zUTdLLzNO3DPbOd88oMUovTgIAc%2FIibB4AAAA%3D

https://westerntimesnews.in/news/218008/edii-ahmedabad-trains-over-10000-weavers-artisans/

# ગુજરાતના કુટીર અને ગ્રામિણ ઉદ્યોગ મંત્રી જગદિશ પંચાલે વિવર્સ એક્ઝિબિશનનું ઉદ્ઘાટન કર્યું

Tv9 Gujarati News | Darshal Raval | Edited By: Chandrakant Kanoja | Aug 06, 2022 | 4:32 PM
==========================================================================



**નેશનલ હેન્ડલૂમ ડેની ઉજવણી કરવા ઇડીઆઇઆઇએ હસ્તકલા સેતુ યોજના અંતર્ગત અમદાવાદ, જામનગર. જૂનાગઢ, જામનગર, ગાંધીધામ, બનાસકાંઠા અને મહેસાણામાં વિવિધ જાણીતી હાટમાં ભાગ લઇને પ્રોડક્ટ્સ પ્રદર્શિત કરી છે.**

ગુજરાત**(Gujarat) સરકારના કુટીર અને ગ્રામિણ ઉદ્યોગ મંત્રી જગદિશ પંચાલે** હસ્તકલા સેતુ**(Hastakala Setu)** પ્રોજેક્ટ હેઠળ **આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા** (EDII) દ્વારા તાલીમ અપાયેલા કારીગરો/વીવર્સના એક્ઝિબિશનનું**(Weaver Exhibition)** ઉદ્ઘાટન કર્યું હતું. તે ગુજરાત સરકારના કુટીર અને ગ્રામિણ ઉદ્યોગ વિભાગની પહેલ છે. આ પ્રોજેક્ટ સાથે જોડાયેલા કારીગરોને પ્રોત્સાહન આપવા **ઇડીઆઇઆઇના ડાયરેક્ટર ડો. સુનિલ શુક્લા** પણ ઉદ્ઘાટન સમારોહમાં ઉપસ્થિત રહ્યાં હતાં. નેશનલ હેન્ડલૂમ ડેની ઉજવણી કરવા ઇડીઆઇઆઇએ હસ્તકલા સેતુ યોજના અંતર્ગત અમદાવાદ, જામનગર. જૂનાગઢ, જામનગર, ગાંધીધામ, બનાસકાંઠા અને મહેસાણામાં વિવિધ જાણીતી હાટમાં ભાગ લઇને પ્રોડક્ટ્સ પ્રદર્શિત કરી છે. આ અંતર્ગત કુલ 109 સ્ટોલની ગોઠવણ કરાઇ છે અને ઇડીઆઇઆઇ પાસેથી તાલીમ મેળવેલા આશરે 218 કારીગરો તેમાં ભાગ લઇ રહ્યાં છે.

ઇડીઆઇઆઇએ હસ્તકલા સેતુ યોજના હેઠળ હેન્ડીક્રાફ્ટટટ સેગમેન્ટમાં 10,000થી વધુ કારીગરોને આધુનિક તાલીમ અને માર્ગદર્શન આપ્યું છે. આ પ્રોજેક્ટ માટે ઇડીઆઇઆઇ છેલ્લા બે વર્ષથી ગુજરાત સરકારના કમીશનરેટ ઓફ કોટેજ ઇન્ડસ્ટ્રીનું નોલેજ પાર્ટનર છે. ઘણાં કારીગરોએને તાલીમ દ્વારા તેમની ડિઝાઇનમાં દેખિતો સુધારો કર્યો છે તથા તેમનું નેટવર્ક વિસ્તારીને નવા માર્કેટ્સમાં પહોંચીને આશરે રૂ. 8.04 કરોડની આવક કરી છે.

**મંત્રી જગદીશ પંચાલે** પત્રકારોને સંબોધન કરતાં કહ્યું હતું કે, ઇડીઆઇઆઇના સપોર્ટથી હસ્તકલા સેતુ પ્રોજેક્ટથી કારીગરોને તાલીમ આપવામાં મદદ મળી છે તથા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આત્મનિર્ભર ભારત અને વોકલ ફોર લોકલના વિઝનને સાકાર કરવામાં યોગદાન મળ્યું છે. આ પ્રોજેક્ટ હેઠળ 10,000 કારીગરોએ ઇડીઆઇઆઇ પાસેથી તાલીમ પ્રાપ્ત કરી છે અને ખરા અર્થમાં ઉદ્યોગસાહસિક બન્યાં છે. તાલીમને કારણે તેમની કલા પુનઃજીવિત થઇ છે અને તેમને બિઝનેસમાં આગળ વધતાં જોઇ ખુશી થાય છે.

પ્રોજેક્ટ વિશે વાત કરતાં ઇડીઆઇઆઇના ડાયરેક્ટર જનરલ ડો. સુનિલ શુક્લાએ કહ્યું હતું કે, "અમારી ઇન્સ્ટિટ્યૂટે ઇનોવેશન, રચનાત્મકતા અને ઉદ્યોગસાહસિકની ક્ષમતાને પ્રોત્સાહન આપીને હેન્ડલૂમ ઇન્ડસ્ટ્રીના અપસ્કિલિંગની કામગીરી હાથ ધરી છે. એચએમઆઇ પ્રોજેક્ટ સાથે ઇડીઆઇઆઇ કારીગરોના કૌશલ્યવર્ધન દ્વારા તેમની કામગીરીના વિસ્તરણ અને તેમના બિઝનેસને વેગ આપવાની યોજના ધરાવે છે." પ્રોજેક્ટ હેન્ડ-મેડ ઇન ઇન્ડિયા હસ્તકલા ઉપરાંત ઇડીઆઇઆઇ અર્ન્સ્ટ એન્ડ યંગ સાથેના જોડાણ અને એચએસબીસીના સહયોગથી હેન્ડ-મેડ ઇન ઇન્ડિયા પ્રોજેક્ટને અમલમાં મૂકી રહ્યું છે.

પ્રોજેક્ટ હેઠળ **આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા (ઇડીઆઇઆઇ)**એ દેશભરમાં અત્યાર સુધી 5722 વીવર્સને તાલીમ આપી છે. આ પહેલ અંતર્ગત ઇડીઆઇઆઇએ ગુજરાત, આસામ, મધ્ય પ્રદેશ, તમિળ નાડુ અને ઓરિસ્સા જેવાં રાજ્યોમાં હેન્ડલૂમ ક્લસ્ટર્સના ટકાઉ વિકાસમાં સહયોગ કર્યો છે. ગુજરાતમાં પ્રોજેક્ટ એચએમઆઇ હેઠળ સુરેન્દ્રનગર અને ભુજ ખાતે 1617 (મહિલા 474 અને પુરુષ 1,143) વીવર્સને તાલીમ અપાઇ છે.

તેના પરિણામે પ્રશિક્ષિત વીવર્સ અને કારીગરોએ તેમના બિઝનેસમાં નોંધપાત્ર સુધારો નોંધાવ્યો છે તથા તેમણે માર્કેટમાં નવા ટ્રેન્ડ્સ અને તકો મેળવી છે. ઉદાહરણરૂપે, આસામના તોકરાડિયા ગામના 41 વર્ષીય વીવર દિપિકા દાસ એચએમઆઇ સાથે જોડાયા બાદ નવી ડિઝાઇન તૈયાર કરવાનું શીખ્યાં છે અને તેમણે વેચાણમાં 10 ટકાનો વધારો કર્યો છે. તેમણે કહ્યું હતું કે, મેં બહારની દુનિયા જોવાનું સપનું જોયું હતું અને ઇડીઆઇઆઇએ તેને સાકાર કર્યું છે. તેના કારણે મને વિમાનમાં બેસવાની તક મળી છે. હું આ પ્રોજેક્ટની મદદથી નવી ઊંચાઇઓ હાંસલ કરવા કટીબદ્ધ છું.

આ પ્રોજેક્ટ વીવર્સ માટે વેલ્યુ ચેઇનમાં સુધારો, સંચાલકીય પડકારો, તાલીમ અને ક્ષમતા નિર્માણ, નેટવર્કિંગ અને ઇનોવેશન ઉપર કેન્દ્રિત છે. આ એક્સપોઝર અને ટ્રેનિંગે યુવા પેઢીના વીવર્સને નવો દ્રષ્ટિકોણ આપ્યો છે કે જેઓ હેન્ડલૂમને વૃદ્ધિની અપાર સંભાવનાઓ ધરાવતા આકર્ષક ક્ષેત્ર તરીકે જૂએ છે.

https://tv9gujarati.com/gujarat/ahmedabad/gujarat-minister-jagdish-panchal-inaugrate-weavers-exhibition-au14483-559300.html

# EDII Handicraft Setu Exhibition held in Ahmedabad as part of National Handloom-2 celebrations

Aug 6, 2022 |

https://www.youtube.com/watch?v=uiM4U0aKJpA